**મહે.લેબર કોર્ટ સુરતના એડી.ચીફ.જયુ.મેજી. તથા ન્યાયાધીશ**

**શ્રી એચ.કે.મેરીયા,(એસ.ડી.)સાહેબ સમક્ષ,જી.સુરત**

**ફોજદારી કેસ નં.૫૦૫/૨૦૨૬**

**આંક–૮**

**ફરીયાદી– સરકાર પક્ષે શ્રી.એસ.એસ.શાહ,નિરીક્ષક,સુરત.**

**વિરુધ્ધ**

**આરોપી– શ્રી સુનિલકુમાર સિંઘ–માલિકશ્રી**

C/o,ડીફેન્સ ઈન્ટીલેજન્સ એન્ડ સિકયુરીટી એજન્સી,

સી ૧/૪૮૮,રાજ અભિષેક સિટી હોમ,સચિન,ઓલપાડ,

સુરત

**ગુનોઃ બોનસ ચુકવણી અધિનિયમ,૧૯૬૫ ની કલમ–૨૭(૪) ના ભંગ બદલ**

**– ચુકાદો –**

ઉપરોકત જણાવેલ આરોપી સામે ફરીયાદીશ્રી,સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરીયાદ નોંધવી છે.ત્યારબાદ આરોપીના સદરહું ગુન્હા માટે સમન્સ કાઢતા નામદાર કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને ફરીયાદની નકલ આપી.તેઓને ફરીયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે ગુન્હા અંગે સ્વૈચ્છિક કબુલાતનું લેખિત નિવેદન કરેલ છે જે આંક–૬ થી રજુ કરેલ છે તેમજ આંક–૭ થી સ્વૈચ્છિક કબુલાત પુરસીસ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપીએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોય તેમની કબુલાત સ્વીકારી તેઓને ઉકત નિયમના ભંગ બદલ અધિનિયમની કલમ–

૨૮ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હામાં તકસીવાર ઠરે છે.આરોપી સામે આક્ષેપીત ગુનાનો પ્રકાર,ગુનાની ગંભીરતા,સજાનું પ્રમાણ,આરોપીની સામાજીક આર્થિક જવાબદારી,આરોપીનો પૂર્વો ઈતિહાસ ધ્યાને લઈ આરોપીને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર.પાના નં.૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**– આખરી હુકમ –**

આરોપીને બોનસ ચુકવણી અધિનિયમ,૧૯૬૫ ની કલમ–૨૭(૪) ના ઉલ્લંઘન બદલ તકસીરવાર ઠરાવી આરોપીને **રૂ.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)**નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ સદર કામે **રૂ.૧,૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા)** વસુલ મેળવવા.

આ હુકમ આજરોજ તા.૧૧ મી,માહે–જુલાઈ,સને–૨૦૨૬ ના રોજ લોકઅદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬
સ્થળઃ સુરત

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રીટ
મજુર અદાલત નં.૩,સુરત
CODE NO.GJ01279